પરમ મંગલમય

# શ્રી અઢાર અભિષેક

પૂ. ઉપાધ્યાય શ્રી
ભુવનાનંદવિજયજી મહારાજ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અઢાર અભિષેક

**સંકલનકાર**

પૂજ્યપાદ યોગદિવાકર મહામહિમ આચાર્યભગવંત
શ્રીમદ્ વિજયઆનંદઘનસૂરીશ્વરજી મહારાજ ચરણચંચરીક

ઉપાધ્યાય ભુવનાનંદવિજય

**પ્રકાશક**

શ્રીપાર્શ્વ-પદ્માવતી તીર્થ

વકતાપુર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પુસ્તક :**
પરમ મંગલમય અઢાર અભિષેક

**સંકલનકાર :**
પૂજ્ય ઉપાધ્યાયશ્રી ભુવનાનંદવિજયજી મહારાજ

**પ્રકાશક :**
શ્રી પાર્શ્વ-પદ્માવતી તીર્થ
ઈડર હિંમતનગર નેશનલ હાઈવે
વક્તાપુર (સાબરકાંઠા)

**પ્રથમ આવૃત્તિ :** જૂન, ૨૦૦૦

**મુદ્રક :**
પ્રિન્ટ ફાઇન
કલોલ

**મૂલ્ય :** ૧૫ રૂપિયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિશ્રામાં અનેકવાર અનેક પ્રકારનાં નાનાં-મોટાં અનુષ્ઠાનો થયા કરતાં હોય છે. આપણાં મોટાભાગનાં અનુષ્ઠાનોમાં અઢાર અભિષેકનું આયોજન લગભગ અનિવાર્ય જેવું ગણાય છે. જૂદા જૂદા પ્રસંગોએ અઢાર અભિષેક કરાવવાનો અવસર આવતો ત્યારે તેને લગતાં પુસ્તકો જોઈને ઘણીવાર ગ્લાનિ થતી. પદ્ધતિસરનો વિધિ દર્શાવતા પુસ્તકનો અભાવ જોઈને ઘણી વાર એવી ભાવના થતી કે આ વિધાનનું એક વ્યવસ્થિત પુસ્તક હોય તો કેવું સારૂં! પૂજ્યપાદ ગુરુદેવનાં ચરણોમાં આ વાતનું નિવેદન કર્યું. સદ્‌ભાગ્યે તેમના મનમાં પણ આ વિચાર રમતો જ હતો તેથી મારી ભાવનાને વેગ મળ્યો. પૂજ્યશ્રીએ મને જ આજ્ઞા કરી કે 'તું જ આ કાર્ય કર.'

પુસ્તક તૈયાર કરવાની બાબતમાં મારો અનુભવ ખાસ નહીં, પણ ગુરુદેવે આજ્ઞા કરી એટલે કાર્ય અવશ્ય પાર પડશે એવી શ્રદ્ધાના સહારે કાર્ય હાથ ઉપર લીધું. આજે પરિણામ આપ સૌની સામે છે.

જે જાતની કલ્પના કરી હતી તે પ્રકારનું પુસ્તક તૈયાર થયું છે તે ખરેખર તો ગુરુદેવશ્રીની મંગલકૃપાનું જ ફળ છે. છેક દીક્ષાકાળથી જ ગુરુદેવ નિરંતર કૃપા વરસાવતા રહ્યા છે. ભવિષ્યમાં પણ નિરંતર તેમની કૃપાપ્રસાદી મળ્યા કરશે તેમાં કોઈ શંકા નથી.

વાચકોને મારો આ પ્રયત્ન અવશ્ય ગમશે એવી શ્રદ્ધા છે. સાથોસાથ ઉપયોગકર્તાઓ મારા આ કાર્યને પ્રોત્સાહન પૂરૂં પાડશે એવી આશા સાથે આ કાર્યમાં લાભ લઈને આ કાર્યને સરળ કરી આપનારા ગુરુભક્તોને પણ ધન્યવાદ પાઠવું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અઢાર અભિષેક અંગે પ્રાસ્તાવિક

આ એક અત્યંત પવિત્ર, સકલ-સંઘમાન્ય અને મનને પ્રસન્નતા આપનારૂં વિધાન છે. વર્ષ દરમ્યાન ગમે ત્યારે આવશ્યકતાનુસાર આ વિધાન કરી-કરાવી શકાય છે.

નૂતન દેરાસરની પ્રતિષ્ઠાના અવસરે, અંજનશલાકાના અવસરે; વિવિધ પ્રકારના મહોત્સવો થતા હોય ત્યારે, શાંતિસ્નાત્ર વગેરે અનુષ્ઠાનો થતાં હોય ત્યારે આ પરમ મંગલકારી અઢાર અભિષેક કરવામાં આવે છે.

દેરાસરમાં કોઈ પણ પ્રકારની નાની મોટી આશાતના થઈ ગઈ હોય, જાણતાં અજાણતાં કોઈ દોષ સેવાઈ ગયો હોય, શારીરિક અપવિત્રતાવાળી વ્યક્તિ જાણતાં અજાણતાં દેરાસરમાં આવી ગઈ હોય ત્યારે ખાસ કરીને અઢાર અભિષેક કરવાં-કરાવવા જોઈએ એવી શાસ્ત્રોની આજ્ઞા છે, જેનું પાલન શ્રીસંઘમાં કરવામાં આવે છે.

અઢાર અભિષેકની ક્રિયા એટલી વિશિષ્ટ અને પ્રભાવશાળી છે કે જે કરવાથી ઉપર નિર્દેશેલા સર્વ દોષોની તત્કાલ નાબૂદી થાય છે. સંઘમાં કોઈ નાના મોટા ઉપદ્રવો થતા હોય તો તે પણ દૂર થાય છે.

અઢાર અભિષેકમાં વપરાતી સામગ્રીમાં મુખ્યત્વે વનસ્પતિઓ અને વનસ્પતિજન્ય પદાર્થોનો જ સમાવેશ કરવામાં આવે છે. આ ઉપરાંત સુવર્ણમાં સુગંધ ઉમેરવામાં આવે તેમ તેમાં દૂધ, દહીં, ઘી વગેરે પણ અવસર પ્રમાણે વાપરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી જ આ બધા પદાર્થો સ્વયં પવિત્ર અને અન્યને પવિત્ર કરનારા માનવામાં આવ્યા છે.

એક વિશેષતા એ છે કે અભિષેકવિધિ દરમિયાન વિવિધ પ્રકારની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુદ્રાઓ દ્વારા જિનભગવંતોનું આહ્વાન કરવામાં આવે છે, સાથોસાથ જિનબિમ્બોને ચંદ્ર-સૂર્યનું દર્શન પણ કરાવવામાં આવે છે. આ બધાં વિધાનોમાં ગૂઢ આધ્યાત્મિક રહસ્યો છુપાયેલાં છે, જે યોગ્ય જાણકાર ગુરુભગવંતોના ચરણોમાં બેસીને જાણી લેવાં જોઈએ.

જગતહિતકારી શ્રીતીર્થંકરદેવોના જન્મઅવસરે છપ્પન દિક્કુમારિકાઓ જિનસ્નાત્ર કરે છે તે બીના જૈનસંઘમાં સુપેરે વિદિત છે. મેરુગિરિ ઉપર ચોસઠ ઈન્દ્રોનો મહામહોત્સવ પણ સારી રીતે જાણીતો છે. આ સ્નાત્ર મહોત્સવની લઘુ આવૃત્તિ એટલે જ 'અઢાર અભિષેક'ની પરમ-પાવની મંગલ ક્રિયા.

એવું કયું ગામ કે સંઘ હશે જ્યાં ક્યારેય અઢાર અભિષેકની ક્રિયા થઈ ન હોય! ઈન્દ્રાદિ દેવો કે છપ્પન દિક્કુમારિકાઓ જેવું વિશિષ્ટ પુણ્ય આપણે ધરાવતા નથી તેથી એમના જેવી શ્રેષ્ઠ સામગ્રીથી જિનસ્નાત્ર આપણે કરી શકવાના નથી, તેમ છતાં તેની કાંઈક ઝાંખી કરાવે એવા અઢાર અભિષેક આપણી શક્તિ મુજબ આપણે જરૂર કરી શકીએ. આ કારણસર જ આધુનિક પદ્ધતિથી સુઘડ અને આકર્ષક રીતે તૈયાર કરાયેલ આ પુસ્તિકા શ્રીસંઘમાં આદરપાત્ર બનશે એવી આશા છે.

પૂજ્યપાદ યોગદિવાકર ભવોદધિતારક ગુરુદેવશ્રીની અસીમ કૃપાથી આ કાર્ય સારી રીતે સંપન્ન થઈ શક્યું છે. પૂજ્યપાદનું ઋણ કઈ રીતે ચૂકવવું તે અંગે મારી પાસે કોઈ શબ્દો નથી.

નિવેદક :

**ગુરુપાદપદ્મસેવી ઉપા. ભુવનાનંદવિજય**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

પૂજ્ય સરળસ્વભાવી તપસ્વીરત્ન ઉપાધ્યાય શ્રીભુવનાનંદવિજયજી મહારાજ દ્વારા સંકલિત કરાયેલ **'પરમ મંગલકારી અઢાર અભિષેક'**નું પ્રકાશન કરતાં અમને સૌભાગ્યની અનુભૂતિ થઈ રહી છે.

આ નાની પુસ્તિકામાં આપણાં જિનમંદિરોમાં વિવિધ પ્રસંગોએ કરાતા અઢાર અભિષેકના વિધાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૂજ્યપાદ ઉપાધ્યાયશ્રીના મનમાં આ પુસ્તિકા તૈયાર કરવાની ભાવના જાગી, જેને પૂજ્યપાદ યોગદિવાકર ગુરુદેવશ્રીના મંગળ આશીર્વાદ પ્રાપ્ત થયા. સાથોસાથ પૂજ્યપાદ ઉપાધ્યાયપ્રવરશ્રીની શુભ્ર પ્રેરણાથી લાભ લેનાર પુણ્યવાનોનાં નામો પણ તરત જ નોંધાઈ ગયાં.

આમાં પ્રકાશિત થયેલી સામગ્રી સકલ સંઘને ઉપયોગી બને તેવી છે. વળી આનો આકાર પ્રતને બદલે પુસ્તક સ્વરૂપ રાખેલ હોવાથી પૂજ્ય ગુરુદેવોને તથા માનનીય વિધિકારોને આ નાની પુસ્તિકા સાથે રાખવી અનુકૂળ પડે તેમ છે.

સંપાદન અને સ્વચ્છતાની દૃષ્ટિએ સુંદર રીતે તૈયાર થયેલ આ પુસ્તિકા શ્રીસંઘના દરેક વર્ગ પસંદ પડશે એવી આશા છે.

પૂજ્ય યોગદિવાકર આચાર્ય ભગવંતના આશીર્વાદથી આ સંસ્થાને ભવિષ્યમાં પણ આવાં સુંદર અને ધર્મોપયોગી પુસ્તકો તૈયાર કરીને શ્રીસંઘને ચરણે ધરવાનો સુઅવસર મળ્યા કરે એ જ શુભેચ્છા.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી ભુવનાનંદવિજયજી મહારાજે આ પુસ્તિકા પ્રકાશિત કરવાનો અવસર અમને આપ્યો એ બદલ તેમનાં ચરણોમાં વંદન પાઠવીએ છીએ.

નિવેદકો :

**શ્રીપાર્શ્વ-પદ્માવતી તીર્થના કાર્યવાહકો**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શુભેચ્છક સહાયકોની નામાવલિ

૧. શાહ એન્ડ શાહ હ. દિલીપભાઈ અને અતુલભાઈ. (અમદાવાદ)
૨. શ્રી. ખાન્તિભાઈ અમૃતલાલ ધામી હ. ધરતીબહેન (અમદાવાદ)
૩. શ્રી. નટવરલાલ મોહનલાલ શાહ સપરિવાર (અમદાવાદ)
૪. શ્રી. હિતેશકુમાર બાબુલાલ શાહ (વાસણા)
૫. શ્રી. સુમતિલાલ રીખવચંદ શાહ (રખીયાલવાળા)
૬. શ્રી. વસંતકુમાર છોટાલાલ દેસાઈ હ. તેજસભાઈ (ખડકી)
૭. શ્રી. રશ્મિકાન્ત હિંમતલાલ વોરા (મુંબઈ)
૮. શ્રી. રસિકલાલ ચંદુલાલ શાહ (તલોદ)
૯. શ્રી. રોશનલાલજી શેષમલજી (સુરત)
૧૦. શ્રી. મોહનલાલ ડાલચંદજી મજેરાવાળા (હાલ અમદાવાદ)
૧૧. શ્રી. આનંદઘન ભક્તિ મંડળ (દહેગામ)
૧૨. શ્રી. હિંમતલાલ છોટાલાલ પટેલ (અમદાવાદ)
૧૩. શ્રી. જયંતીલાલ અમથાલાલ પારેખ (મુંબઈ)
૧૪. એક સદ્ગૃહસ્થ. અમદાવાદ
૧૫. શ્રી. બાબુલાલ શિવરામ જોષી (ખોરજવાળા)
૧૬. શ્રી. પારસમલજી અંબાલાલજી રાઠોડ ચેમ્બુર (મુંબઈ)
૧૭. શ્રીમતી રસીલાબહેન અશોકકુમાર રોહીડાવાળા (સાબરમતી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અઢાર અભિષેક શરૂ કરતાં અગાઉ દેરાસરમાં સ્નાત્ર ભણાવી લેવું. સ્નાત્રને અંતે આરતી, મંગળદીવો અને શાંતિકળશ કરવાનાં હોય છે તે અઢાર અભિષેકને અંતે કરવા.

# અઢાર અભિષેકમાં જોઈતી સામગ્રીની સૂચિ

**ખાસ સૂચના**—સામગ્રી લાવતાં પહેલાં જે વિધિકારક પાસે અભિષેક કરાવવાના હોય તેમનો સંપર્ક સાધી તેઓ કહે તે રીતે વસ્તુઓ લાવવી. અહીં જણાવેલ યાદી માત્ર અંદાજિત સમજૂતી માટે છે.

સ્નાત્રનો સામાન ● અભિષેક માટેના તૈયાર પડીકાં ● પંચરત્નની પોટલી નંગ ૩ ● સર્વ તીર્થજળ ● સોનાનો વરખ ૧ પાનું ● ચાંદીના વરખ—જરૂરિયાત મુજબ ● દાડમ, સફરજન, મોસંબી, નારંગી, ચીકુ, વગેરે ફળ—જરૂરિયાત મુજબ ● શ્રીફળ નંગ ૧ ● નારિયેળ નંગ ૧ ● આખી બદામ નંગ ૧૦ ● પેંડા, બૂંદીના લાડુ, મોહનથાળ, સુતરફેણી, બરફી વગેરે નૈવેદ્ય—જરૂરિયાત મુજબ ● દૂધ, દહીં, ઘી, સાકર—જરૂરિયાત મુજબ ● બરાસ, કપૂરગોટી—જરૂરિયાત મુજબ ● વાસક્ષેપ ૫૦ ગ્રામ ● ધૂપ પેકેટ ૧ ● ગુલાબ, મોગરો, ડમરો, ચમેલી વગેરે ફૂલ—જરૂરિયાત મુજબ ● ગુલાબ, મોગરાના અત્તરની એક એક શીશી ● ચોખા ૫૦૦ ગ્રામ ● અંગલૂછણાં—જરૂરિયાત મુજબ ● પતાસાં મોટાં ● દશાંગ ધૂપ ● આસોપાલવનાં તોરણ ● સૂર્ય-ચંદ્રનાં સુપન ● થાળી, વાટકી, કળશ વગેરે—જરૂરિયાત મુજબ ● નાડાછડી, બાદલુ, કંકુ ● કેસર—જરૂરિયાત મુજબ.

●●●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આત્મરક્ષા મંત્ર

આપણાં દરેક અનુષ્ઠાનોમાં સર્વપ્રથમ આત્મરક્ષા કરવામાં આવે છે. અહીં પણ પ્રારંભમાં નીચે મુજબ આત્મરક્ષા કરવી—

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ ;
આત્મરક્ષાકરં વજ્ર-પંજરાભં સ્મરામ્યહમ્ (૧).
ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ ;
ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ (૨).
ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની;
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢમ્ (૩).
ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે;
એસો પંચનમુક્કારો, શિલા વજ્રમયી તલે (૪).
સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ;
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગારખાતિકા (૫).
સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઇ મંગલં;
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે (૬).
મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની;
પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ (૭).
યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા;
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિરાધિશ્ચાપિ કદાચન (૮).

• ૨૭ ડંકા વગાડવા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રથમ હિરણ્યોદક સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : સોનાના વરખ.
- સર્વપ્રથમ સોનાના વરખથી મિશ્રિત કરેલું નવણ એક જળકુંડીમાં તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો–

પવિત્રતીર્થનીરેણ, ગન્ધપુષ્પાદિસંયુતૈઃ;
પતદ્ જલં બિમ્બોપરિ, હિરણ્યં મંત્રપૂતનમ્.

સુવર્ણદ્રવ્યસંપૂર્ણં, ચૂર્ણં કુર્યાત્ સુનિર્મલમ્;
તતઃ પ્રક્ષાલનં ચાભિઃ, પુષ્પ-ચંદનસંયુતૈઃ.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો–

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે ગંધ-પુષ્પાક્ષત-ધૂપસંપૂર્ણૈઃ સુવર્ણેન સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- હિરણ્યોદકથી પ્રભુને અભિષેક કરવો. • તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.
- દરેક સ્નાત્રને અંતે ગીત-સંગીત-નૃત્ય વગેરે ભક્તિ કરી શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બીજું પંચરત્ન સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : મોતી, સોનું, ચાંદી, પ્રવાલ, તાંબું.
- આને પંચરત્ન ચૂર્ણ કહેવાય છે. આ ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

યન્નામસ્મરણાદપિ શ્રુતવશાદપ્યક્ષરોચ્ચારતો,
યત્પૂર્ણ પ્રતિમા-પ્રણામ-કરણાત્ સંદર્શનાત્ સ્પર્શનાત્ ;
ભવ્યાનાં ભવપંકહાનિરસકૃત્ સ્યાત્ તસ્ય કિં સત્પયઃ,
સ્નાત્રેણાપિ તથા સ્વભક્તિવશતો રત્નોત્સવો તત્પુનઃ.

નાના-રત્નૌઘ-સંયુતં, સુગંધ-પુષ્પાભિવાસિતં નીરમ્ ;
પતતાદ્ વિચિત્રચૂર્ણં, મંત્રાઢ્યં સ્થાપના-બિમ્બે.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે મુક્તા-સુવર્ણ-રૌપ્ય-પ્રવાલ-ત્ર્યમ્બકાદિ-પંચરત્નૈઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- પંચરત્નના જળથી પ્રભુને અભિષેક કરવો. ● તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ત્રીજું કષાય સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : પીપર, પિપ્પરી, શિરીષ, અંબર, વડ, ચંપક, અશોક, આમ્ર, જંબૂ, બકુલ, અરજણ, પાટલ, બીલી, દાડમ, કેસૂડાં અને નારિંગ.
- આને કષાય ચૂર્ણ કહેવાય છે. આ ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

પ્લક્ષાશ્વત્થોદશોક-આમ્રચ્છલ્યાદિ-કલ્કસંમિશ્રમ્ ,
બિંબે કષાયનીરં, પતતાદધિવાસિતં જૈને.

પિપ્પલી પિપ્પલશ્ચૈવ, શિરીષોમ્બરકઃ પુનઃ;
વટાદિકં મહાછલ્લી, સ્નાપયામિ જિનેશ્વરમ્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે પિપ્પલ્યાદિ-મહાછલ્લૈઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- કષાયજળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચોથું મંગલમૃત્તિકા સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : હાથીના દાંત ઉપરની માટી; બળદના શીંગડા ઉપરની માટી; પર્વત, ઉધઈ, નદીકિનારો, નદીસંગમ, સરોવર, તીર્થ વગેરે પવિત્ર સ્થળોની માટી.
- આને મંગલ-મૃત્તિકા કહેવાય છે. આ મૃત્તિકા-ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

પરોપકારકારી ચ, પ્રવરઃ પરમોજ્જ્વલઃ;
ભાવના-ભવ્યસંયુક્તૈઃ, મૃચ્ચૂર્ણેન ચ સ્નાપયેત્.

પર્વત-સરો-ન્નદી-સંગમાદિ-મૃદ્‌ભિશ્ચ મંત્રપૂતાભિઃ;
ઉદ્‌વર્ત્ય જૈનબિંબં, સ્નાપયામ્યધિવાસનાસમયે.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે નદી-નગ-તીર્થાદિ-મૃચ્ચૂર્ણૈઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- મંગલમૃત્તિકા-જળથી પ્રભુને અભિષેક કરવો. • તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પાંચમું સદૌષધિ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : સહદેવી, શતાવરી, કુમારી, વાળો, રીંગણી, મયૂરશિખા, અંકોલ, શંખાવલી, લક્ષ્મણા, આજો-કાજો, થોર, તુલસી, મરવો, કુંતી, ગળો, સરપંખો, રાજહંસી, પીઠવણી, શાલવણી, ગંધજોલી, મહાનોલી વગેરે પવિત્ર વનસ્પતિઓ.
- આને સદૌષધિ કહેવાય છે. આ ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો–

સહદેવી શતમૂલી, શતાવરી શંખપુષ્પિકા;
કુમારી લક્ષ્મણા ચૈવ, સ્નાપયામિ જિનેશ્વરમ્.
સહદેવ્યાદિ-સદૌષધિ-વર્ગેણોદ્વર્તિતસ્ય બિંબસ્ય;
ગંધ-તન્મિશ્રં બિંબોપરિ, પતત્ જલં હરતુ દુરિતાનિ.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો–

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે સહદેવ્યાદિ-સદૌષધિભિઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- સદૌષધિ-જળથી પ્રભુને અભિષેક કરવો. • તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# છઠ્ઠું પ્રથમાષ્ટક-વર્ગ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : ઉપલોટ, વજ, હીરવણી, લોધ્ર, દેવદાર, જેઠીમધ, દૂર્વા અને ઋદ્ધિ-વૃદ્ધિ એ આઠ દ્રવ્યો.
- આને પ્રથમાષ્ટક વર્ગ કહે છે. આ ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્‌૦' બોલી નીચેનો શ્લોક બોલવો–

સુપવિત્ર-મૂલિકાવર્ગ-મર્દિતે તદુદકસ્ય શુભધારા;
બિંબેઽધિવાસસમયે, યચ્છતુ સૌખ્યાનિ નિપતન્તી.

ઉપલોટ-વચા-લોદ્ર-હીરવર્ણી-દેવદારવઃ;
જયેષ્ઠીમધુ-ઋદ્ધિ-દૂર્વા, સ્નાપયામિ જિનેશ્વરમ્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો–

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે ઉપલોટાદ્યષ્ટકવર્ગેણ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- પ્રથમાષ્ટકવર્ગના જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સાતમું દ્વિતીયાષ્ટક-વર્ગ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : પતંજારી, વિદારીકંદ, કચૂરો, કપૂરકાચલી, નખલો, કંકોડી, ક્ષીરકંદ, મુસલી એ આઠ દ્રવ્યો.
- આને દ્વિતીયાષ્ટક વર્ગ કહે છે. આ ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

નાનાકુષ્ઠાદ્યૌષધિ-સન્મિશ્રે તદ્યુતં પતન્નીરમ્ ;
બિંબે કૃતસન્મિશ્રં, કર્મૌઘં હન્તુ ભવ્યાનામ્.

પતંજારી વિદારી ચ, કર્ચૂરઃ કર્ચુરી નખઃ;
કંકોડી ક્ષીરકંદશ્ચ, મુસલૈઃ સ્નાપયામ્યહમ્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે પતંજાર્યષ્ટકવર્ગેણ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- દ્વિતીયાષ્ટકવર્ગના જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# આઠમું સર્વૌષધિ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : પ્રિયંગુ, હળદર, વજ, સૂચા, વાળો, મોથ, અતિકળી, મોરમાંસી, જટામાંસી, ઉપલોટ, એલચી, લવંગ, તજ, તમાલપત્ર, નાગકેસર, જાયફળ, જાવંત્રી, કંકોલ, સેલારસ, ચંદન, અગર, પત્રજ, છડ, નખલો, ઘઉંલા, કચૂરો, બિરહાલી, છડોલી, મરચકંકોલ, વરધારો, અશ્વગંધા, વડી ઔષધિ, સહસ્રમૂલી વગેરે ઔષધિઓ.
- આને સર્વૌષધિ કહેવાય છે. આ ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

પ્રિયંગુ-વચ્છ-કંકેલી-રસાલાદિ-તરૂદ્ભવૈઃ;
પલ્લવૈઃ પત્રભલ્લાત-એલચી-તજ-સત્ફલૈઃ.

વિષ્ણુકાન્તા-હિમવાલ-લવંગાદિભિરષ્ટભિઃ;
મૂલાષ્ટકૈસ્તથા દ્રવ્યૈઃ સદૌષધિ-વિમિશ્રિતૈઃ.

સુગંધ-દ્રવ્ય-સંદોહા, મોદ-મત્તાલિ-સંકુલૈઃ;
વિદધેર્હન્મહાસ્નાત્રં, શુભસંતતિ-સૂચકમ્.

મેદાદ્યૌષધિભેદોડપરોડષ્ટવર્ગ-સુમંત્રપરિપૂતઃ;
નિપતદ્ બિંબસ્યોપરિ, સિદ્ધિં વિદધાતુ ભવ્યજને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો–

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે પ્રિયંગ્વાદિ-સર્વૌષધિભિઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- સર્વૌષધિ-જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.

## મુદ્રાદર્શન-વિધાન

- અહીં અઢાર અભિષેક પૈકી આઠ અભિષેક પૂરા થયા. આગળના અભિષેક કરવામાં આવે તે પૂર્વે એક અતિવિશિષ્ટ અને મહાપ્રભાવિક વિધાન કરવામાં આવશે. આ મુદ્રાદર્શન વિધાન છે. આ એક અત્યંત રહસ્યમય વિધિ છે, જે ગુરુભગવંતે કરવાનો હોય છે.
- વિધિકાર મહોદયે ગુરુભગવંતને વિનંતી કરી તેમને બહુમાનપૂર્વક મૂળનાયક પ્રભુ સમીપે લઈ જવા.
- ગુરુભગવંતે પ્રભુ આગળ પરમેષ્ઠિમુદ્રા, ગરુડમુદ્રા અને મુક્તાશુક્તિમુદ્રા દ્વારા જિનેશ્વર પ્રભુનું આહ્વાન કરવું.
- નીચેનો મંત્ર મુદ્રા સહિત બોલવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**○ ૐ નમોર્હત્પરમેશ્વરાય, ત્રૈલોક્યગતાય, અષ્ટદિક્કુમારી-પરિપૂજિતાય, દેવેન્દ્રમહિતાય, દિવ્યશરીરાય, ત્રૈલોક્ય-પરિપૂજિતાય, આગચ્છ આગચ્છ સ્વાહા.**

- જેટલાં જિનબિમ્બો હોય તે દરેક ઉપર ગુરુદેવે વાસક્ષેપ કરવો. આ વખતે વિધિકારકે સતત થાળી-ડંકો વગાડવો.
- પછી આગળનો અભિષેકવિધિ કરવો.

## મુદ્રાઓનાં પ્રતીકો



પરમેષ્ઠિમુદ્રા ગરુડમુદ્રા મુક્તાશુક્તિમુદ્રા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [illegible]મું પંચામૃત સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : દૂધ, દહીં, ઘી, શર્કરા અને સર્વૌષધિ.

**નોંધ:** જૈન સંસ્કૃતિમાં પંચામૃતમાં મધ વપરાતું નથી તે વાત વિવેકપૂર્વક યાદ રાખીને જૈન ગ્રંથોમાં જણાવેલ વિધિ મુજબ સર્વૌષધિનો ઉપયોગ કરવો.

- આ પંચામૃત જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો–

જિનબિમ્બોપરિ નિપતદ્, ઘૃત-દધિ-દુગ્ધાધિ-દ્રવ્યપરિપૂતમ્ ;
દર્ભોદક-સન્મિશ્રં, પંચગવ્યં હરતુ દુરિતાનિ.

વરપુષ્પચંદનૈશ્ચ, મધુરૈઃ કૃતનિઃસ્વનૈઃ;
દધિ-દુગ્ધ-ઘૃતમિશ્રૈઃ, સ્નાપયામિ જિનેશ્વરમ્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો–

**○ ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે પંચામૃતેન સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- પંચામૃતથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# દશમું સુગંધૌષધિ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : અંબર, વાળો, ઉપલોટ, કુષ્ટ, દેવદારુ, મોરમાંસી, વાંસ, ચંદન, અગર, કસ્તૂરી, કપૂર, એલચી, લવંગ, જાયફળ, જાવંત્રી, ગોરોચન અને કેસર વગેરે સુગંધી ઔષધો.
- આને સુગંધૌષધિ કહેવાય છે. આ ચૂર્ણ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

સર્વવિઘ્ન-પ્રશમનં, જિનસ્નાત્રસમુદ્ભવમ્ ;
વંદે સંપૂર્ણપુણ્યાનાં, સુગંધૈઃ સ્નાપયેદ્ જિનમ્.

સકલૌષધિ-સંયુક્ત્યા, સુગંધ્યા ઘર્ષિતં સુગતિ-હેતોઃ;
સ્નાપયામિ જૈનબિમ્બં, મંત્રિત-તન્નીર-નિવહેન.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે અંબરાદિ-સુગંધ-દ્રવ્યૈઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- સુગંધૌષધિ-જળથી પ્રભુને અભિષેક કરવો. ● તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અગિયારમું પુષ્પ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : સેવંતી, ચમેલી, મોગરો, ગુલાબ વગેરે સુંદર અને સુગંધી પુષ્પો.
- આ બધાં પુષ્પો જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

અધિવાસિતં સુમંત્રૈઃ, સુમનઃ-કિંજલ્ક-રાજિતં તોયમ્ ;
તીર્થજલાદિ-સુપૃક્તં, કલશોન્મુક્તં પતતુ બિમ્બે.

સુગન્ધ-પરિપુષ્પૌઘૈઃ તીર્થોદકેન સંયુતૈઃ;
ભાવના-ભવ્ય-સંદોહૈઃ, સ્નાપયામિ જિનેશ્વરમ્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે સુગંધ-પુષ્પૌઘૈઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- સુગંધી પુષ્પોથી યુક્ત જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## બારમું ગંધ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : કેસર, કપૂર, કસ્તૂરી, અગર, ચંદન.
- આ વસ્તુઓનો ઘોળ કરી જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

ગન્ધાંગ-સ્નાનિકયા, સન્મૃષ્ટં તદુદકસ્ય ધારાભિઃ;
સ્નાપયામિ જૈનબિમ્બં, કર્મોઘચ્છિત્તયે શિવદમ્.

કુંકુમાદિ-કર્પૂરૈશ્ચ, મૃગમદેન સંયુતઃ;
અગર-ચંદનમિશ્રૈઃ સ્નાપયામિ જિનેશ્વરમ્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે ગન્ધેન સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- ગંધ-જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તેરમું વાસ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : ચંદન, કેસર અને કપૂર
- આ વસ્તુઓનો ઘોળ કરી જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

હૃદ્યૈરાહ્લાદકરૈઃ સ્પૃહણીયૈર્મન્ત્રસંસ્કૃતૈ ર્જૈનમ્ ;
સ્નપયામિ સુગતિહેતો ર્વાસૈરધિવાસિતં બિમ્બમ્.

શિશિરકરકરાભૈશ્ચન્દનૈશ્ચન્દ્રમિશ્રૈઃ,
બહુલ-પરિમલૌઘૈઃ પ્રીણિતં પ્રાણગન્ધૈઃ;
વિનમદમરમૌલિ-પ્રોક્તરત્નાંશુજાલૈઃ,
જિનપતિવરશ્રૃંગે સ્નાપયેદ્ ભાવભક્ત્યા.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે સુગન્ધ-વાસ-ચૂર્ણૈઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- સુગંધ-વાસ-જળથી પ્રભુને અભિષેક કરવો. • તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચૌદમું ચંદન-દુગ્ધ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : ચંદન અને દૂધ
- જલકુંડીમાં ચંદન અને દૂધનું નવણ તૈયાર કરવું (આમાં જળ નાખવાનું નથી).
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

શીતલ-સરસ-સુગંધિ-મનોમતશ્ચન્દનદ્રુમ-સમુત્થઃ;
ચંદનકલ્કઃ સજલો મંત્રયુતઃ પતતુ જિનબિમ્બે.

ક્ષીરેણાક્ષતમન્મથસ્ય ચ મહત્ શ્રીસિદ્ધિકાન્તાપતેઃ,
સર્વજ્ઞસ્ય શરચ્છશાંક-વિશદ-જ્યોત્સ્ના-રસસ્પર્ધિના;

કુર્મઃ સર્વસમૃદ્ધયસ્ત્રિજગદાનન્દપ્રદં ભૂયસા,
સ્નાનં સદ્વિકસત્ કુશેશય-પદન્યાસસ્ય શસ્યાકૃતેઃ.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે ક્ષીર-ચંદનાભ્યાં સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- ચંદન-દુગ્ધથી પ્રભુને અભિષેક કરવો. • તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પંદરમું કેસર-શર્કરા સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : કેસર અને સાકર
- આ બન્ને વસ્તુઓ જલકુંડીમાં નાખી નવણ તૈયાર કરવું.
- તેને જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

કાશ્મીરજ-સુવિલિપ્તં, બિમ્બં તચ્છિરસિ ધારયાભિનવમ્ ;
સુમંત્રયુક્ત્યા શુચિ-જૈનં, સ્નાપયામિ સર્વસિદ્ધ્યર્થમ્.

વાચ:સ્ફાર-વિચારસારમપરૈઃ સ્યાદ્વાદ-શુદ્ધામૃત-
સ્યન્દિન્યા પરમાર્હતઃ કથમપિ પ્રાપ્યં ન સિદ્ધાત્મનઃ;
મુક્તિશ્રી-રસિકસ્ય યસ્ય સુરસ-સ્નાત્રેણ કિં તસ્ય ચ,
શ્રીપાદદ્વય-ભક્તિભાવિતધિયા કુર્મઃ પ્રભોસ્તત્ પુનઃ.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે કાશ્મીરજ-શર્કરાભ્યાં સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- કેસર-સાકરથી પ્રભુને અભિષેક કરવો. • તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચંદ્ર-સૂર્ય દર્શનનું વિધાન

- પંદર અભિષેક પૂર્ણ થયા પછી જિનબિમ્બોને ચંદ્ર-સૂર્યનાં દર્શન કરાવવાનું વિધાન કરવાનું હોય છે.
- આ વિધાન નીચે દર્શાવેલ વિધિ અનુસાર કરવું–

## ચંદ્રદર્શન વિધિ

- એક સુંદર ચંદ્રની મૂર્તિ પ્રભુ સમક્ષ ધરવી. મૂર્તિ ન મળે તો આપણા સંઘોમાં ચૌદ સ્વપ્નો હોય છે તેમાંથી ચંદ્રનું સ્વપ્ન લઈ આવવું અને તે જિનબિમ્બ સામે ધરવું. તે પણ ઉપલબ્ધ ન હોય તો છેવટના વિકલ્પે આરીસો ધરવો.
- નીચેનો મંત્ર બોલવો–

○ **ૐ ચંદ્રોઽસિ, નિશાકરોઽસિ, સુધાકરોઽસિ, ચંદ્રમા અસિ, ગ્રહપતિરસિ, કૌમુદીપતિરસિ, માનવમિત્રમસિ, જગજ્જીવનમસિ, જૈવાતૃકોઽસિ, ક્ષીરસાગરોદ્ભવોઽસિ, શ્વેતવાહનોઽસિ, રાજાઽસિ, રાજરાજોઽસિ, ઔષધિગર્ભોઽસિ, વન્દ્યોઽસિ, પૂજ્યોઽસિ, નમસ્તે ભગવન્! પ્રસીદ અસ્ય કુલસ્ય તુષ્ટિં કુરુ કુરુ, પુષ્ટિં કુરુ કુરુ, ઋદ્ધિં કુરુ કુરુ, વૃદ્ધિં કુરુ કુરુ, કલ્યાણં કુરુ કુરુ, જયં કુરુ કુરુ, વિજયં કુરુ કુરુ, ભદ્રં કુરુ કુરુ, પ્રમોદં કુરુ કુરુ, મમ સન્નિહિતો ભવ, શ્રીશશાંકાય નમઃ સ્વાહા...**

- ૨૭ ડંકા વગાડવા. • ધવલ-મંગલ ગીત ગાવાં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સૂર્યદર્શન વિધિ

- એક સુંદર સૂર્યની મૂર્તિ પ્રભુ સમક્ષ ધરવી. મૂર્તિ ન મળે તો આપણા સંઘોમાં ચૌદ સ્વપ્નો હોય છે તેમાંથી સૂર્યનું સ્વપ્ન લઈ આવવું અને તે જિનબિમ્બ સામે ધરવું. તે પણ ઉપલબ્ધ ન હોય તો છેવટના વિકલ્પે આરીસો ધરવો.

- નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ સૂર્યોડસિ, દિનકરોડસિ, સહસ્રકિરણોડસિ, વિભાવસુરસિ, તમોપહોડસિ, મુનિવેષ્ટિતોડસિ, વિતતવિમાનોડસિ, તેજોમયોડસિ, અરુણસારથિરસિ, માર્તંડોડસિ, દ્વાદશાત્માડસિ, ચક્રબાંધવોડસિ, નમસ્તે ભગવન્! પ્રસીદ અસ્ય કુલસ્ય તુષ્ટિં કુરુ કુરુ, પુષ્ટિં કુરુ કુરુ, ઋદ્ધિં કુરુ કુરુ, વૃદ્ધિં કુરુ કુરુ, કલ્યાણં કુરુ કુરુ, જયં કુરુ કુરુ, વિજયં કુરુ કુરુ, ભદ્રં કુરુ કુરુ, પ્રમોદં કુરુ કુરુ, મમ સન્નિહિતો ભવ, શ્રીસૂર્યાય નમઃ સ્વાહા...**

- ૨૭ ડંકા વગાડવા.

- ધવલ-મંગલ ગીત ગાવાં.

- પછી આગળનો અભિષેકવિધિ કરવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સોળમું તીર્થોદક સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : એકસો આઠ તીર્થોનાં જળ
- આ બધાં જળ જરૂરિયાત મુજબ જુદા-જુદા કળશોમાં ભરી લેવાં.
- પછી 'નમોર્હત્॰' બોલી નીચેનો શ્લોક બોલવો—

જલધિ-નદી-દ્રહ-કુંડેષુ યાનિ તીર્થોદકાનિ શુદ્ધાનિ;
તૈ ર્મંત્ર-સંસ્કૃતૈરિહ બિમ્બં સ્નપયામિ સિદ્ધ્યર્થં.

નાક-નદી-નદવિહિતૈઃ પયોભિરમ્ભોજ-રેણુભિઃ સુભગૈઃ;
શ્રીમજ્જિનેન્દ્રપાદૌ સમર્ચયેત્ સર્વ-શાન્ત્યર્થમ્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

**○ ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે તીર્થોદકેન સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- એકસો આઠ તીર્થોનાં જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સત્તરમું કર્પૂર સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : કપૂર
- જળકુંડીમાં જરૂરિયાત મજબ કપૂર મેળવેલું જળ તૈયાર કરી તેને જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્॰' બોલી નીચેનો શ્લોક બોલવો—

શશિકર-તુષાર-ધવલા ઉજ્જ્વલગંધા સુતીર્થ-જલમિશ્રા;
કર્પૂરોદક-ધારા સુમંત્રપૂતા પતતુ જિનબિમ્બે.

કનક-કરક-નાલી-મુક્તધારાભિરદ્ભિઃ,
મિલિત-નિખિલ-ગંધૈઃ કેલિ-કર્પૂરભાભિઃ;
અખિલ-ભુવન-શાન્તિં શાન્તિધારાં જિનેન્દ્ર-
ક્રમ-સરસિજ-પીઠે સ્નાપયેદ્ વીતરાગાન્.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે કર્પૂરેણ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- કપૂરમિશ્રિત-જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અઢારમું કેસર-ચંદન-પુષ્પ સ્નાત્ર

- આ સ્નાત્રની મુખ્ય સામગ્રી : કેસર, ચંદન, પુષ્પ
- જળકુંડીમાં જરૂરિયાત મજબ કેસર-ચંદન-પુષ્પ મેળવેલું જળ તૈયાર કરી તેને જુદા-જુદા કળશોમાં ભરી લેવું.
- પછી 'નમોર્હત્૦' બોલી નીચેનો શ્લોક બોલવો—

સૌરભ્યં ઘનસાર-પંકજરજો-નિઃપ્રીણિતૈઃ પુષ્કરૈઃ,
શીતૈઃ શીતકરાવદાતરુચિભિઃ કાશ્મીર-સન્મિશ્રિતૈઃ;

શ્રીખંડ-પ્રસવાચલૈશ્ચ મધુરૈઃ નિત્યં લભેષ્ટૈર્વરૈઃ,
સૌરભ્યોદક-સંખ્ય-સાર-ચરણદ્વંદ્વં યજે ભાવતઃ.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો—

○ **ૐ હ્રાઁ હ્રીઁ પરમ-અર્હતે કેસર-ચંદન-પુષ્પાદિભિઃ સ્નાપયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- કેસર-ચંદન-પુષ્પ-મિશ્રિત જળથી પ્રભુને અભિષેક કરવો.
- તિલક, પુષ્પ, વાસ આદિથી જિનબિંબનું પૂજન કરવું અને ધૂપપૂજા કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- અભિષેકના અંતે કુસુમાંજલિ કરવાની હોય છે. તે આ રીતે કરવી–
- નીચે જણાવેલો શ્લોક બોલવો–

નાનાસુગંધિપુષ્પૌઘ-રંજિતા ચંચરીક-કૃતનાદા;
ધૂપામોદ-વિમિશ્રા પતતાત્ પુષ્પાંજલિ બિમ્બે.

- ઉક્ત શ્લોક બોલ્યા પછી નીચેનો મંત્ર બોલવો–

○ **ૐ હ્રાઁ હ્રીઁ હૂં કુસુમાંજલિભિરર્ચયામીતિ સ્વાહા.**

- આ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડવા.
- ત્યાર પછી જિનબિમ્બો ઉપર કુસુમાંજલિ કરવી.
- આ પછી સંપૂર્ણ અષ્ટપ્રકારી પૂજા કરવી.
- છેલ્લે આરતી, મંગળદીવો, શાન્તિકળશ કરવાં અને ચૈત્યવંદન કરીને 'અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં' કરવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુદેવોનાં ચરણોમાં...







Serving JinShasan
106994
gyanmandir@kobatirth.org

...કોટિ કોટિ વંદન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org